**સી સી નં**

## **આંક –૧ લગત હુકમ**

(૧) ફરીયાદીપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે ધી પ્રોહીબીશન એકટ મુજબના શિક્ષા ને પાત્ર ગુના અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ થયેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સથી નકલો મફત આપ્યાની ખા ત્રી કરેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરીલ પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે એમા જાહેરાત કરેલ છે કે, પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેઓના શીરે છે, કાયદા પ્રત્યે માન છે, અજાણતા મજકુર ગુનો થયેલ છે, તેઓનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નિવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહિતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું જણાઈ આવતું હોઈ હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનું જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના **સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદ્રજી ઠાકોરનો ચુકાદો કે જે જી.એલ.આર.૨૦૦૫ પેજ નં.૭૦૯** ઉપર પ્રકાશિત થયેલ છે. તે ધ્યાને લેતા આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લઈને આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**//:: હુ ક મ:://**

(૧) બી.એન.એસ.એસની કલમ ૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપી ને ધી પ્રોહીબીશન એકટ મુજબના ગુનાના કામે કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા. ૧૦૦/–(અંકે રૂપીયાસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન–પ (પાંચ)** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય બાદ સદર કામે મુદામાલ પૈકી વાહન/મોબાઈલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય, તો તે આથી શરતો વિના કાયમ કરવાનો હુકમ કરવામા આવે છે. અન્યથા મુદામાલ વાહન/મોબાઈલની ઈન્કવાયરી કરવી. મુદામાલ પૈકી પ્રોહિબીશનનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીના અગાઉના રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા બી.એન.એસ.એસની કલમ–૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪–૦૩–૨૦૨૬
સ્થળ : ઝઘડીયા

( **J.S.RATHORE** )
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**

**પાવતી નં..................**

**દંડ રૂપીયા.................**

**તારીખઃ– ૧૪/૦૩/૨૦૨૬**

**નાઝર ચીફ કોર્ટ,ઝઘડીયા**